શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

JSW Colouron+ | ISC | durashine | TATA SHAKTEE
ALEWATE
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ આઠમ શુક્રવાર ૨૪ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૫૪

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

**વિક્રમી મતદાન** પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં આઝાદી પછીનું સૌથી વધુ મતદાન

**એક્ઝિટ પોલ 29મીએ સાંજે**

# બંગાળમાં 92.72%- તમિલનાડુમાં 85.14%

### બંગાળમાં ઉંચા મતદાનથી કોને ફાયદો થશે?: ટીએમસી કે ભાજપને?

**નવી દિલ્હી, તા. 23:** આજે યોજાઇ ગયેલ ચૂંટણીમાં પશ્ચિમ બંગાળમાં ભારે મતદાન થયું છે. સ્વાભાવિક છે કે, સત્તાધારી TMC અને મુખ્ય વિપક્ષ ભાજપ બંને આ ઊંચા મતદાનને પોતાની જીતના સંકેત તરીકે ગણાવી રહ્યા છે. પૂર્વ રાજદ્વારી અને વ્યૂહાત્મક બાબતોના નિષ્ણાત કે.સી. સિંઘે 'X' પર લખ્યું હતું કે, પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ઊંચા મતદાનને TMC અને ભાજપ બંને પોતાના પક્ષમાં જોઈ રહ્યા છે. ચૂંટણીના આ પ્રથમ તબક્કામાં લોકોએ ભાજપને જોરદાર ફટકો આપ્યો છે અને મમતા બેનર્જીની સરકાર, એટલે કે TMCને પૂરો સાથ આપ્યો છે. જે ૧૫૨ બેઠકો પર ચૂંટણી યોજાઈ છે, તેમાંથી અંદાજ છે કે TMC ઓછામાં ઓછી ૧૨૫ બેઠકો જીતશે, તેમ ૯૦% થી વધુ મતદાનનો ઉલ્લેખ કરતા TMC નેતા કુણાલ ઘોષે જણાવ્યું હતું. સામાન્ય રીતે ઊંચા મતદાનને 'એન્ટી-ઈન્કમ્બન્સી' (સત્તા વિરોધી લહેર) તરીકે જોવામાં આવે છે. જ્યારે ૨૦૧૧માં TMCએ ડાબેરી મોરચાને હરાવીને સત્તા મેળવી હતી, ત્યારે પશ્ચિમ બંગાળમાં ૮૪.૩૩% મતદાન થયું હતું. જે ૨૦૦૬માં થયેલા મતદાન કરતા ૨.૩૬ ટકા વધારે હતું. જો કે, એવા કોઈ પ્રાયોગિક પુરાવા નથી જે સૂચવે કે ઊંચું મતદાન માત્ર સત્તાધારી પક્ષ કે માત્ર પડકાર આપનાર પક્ષને જ ફાયદો કરાવે છે. ઈન્ડિયા ટુડે ટીવીના કન્સલ્ટિંગ એડિટર રાજદીપ સરદેસાઈએ 'X' પર લખ્યું: "પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં રેકોર્ડ મતદાન. પરંપરાગત માન્યતા મુજબઃ વધુ મતદાન = સત્તા વિરોધી લહેર. પરંતુ છેલ્લા દાયકામાં, ઘણા રાજ્યોમાં મતદાનની ટકાવારી સામાન્ય રીતે ઊંચી રહી છે અને તેમાં સત્તાધારી પક્ષોને પણ ફાયદો થઇ શકે છે. ટૂંકમાં: ૪ મે ના પરિણામના દિવસ સુધી રાહ જુઓ.



**કોલકાતા, ચેન્નાઈ, તા. 23:** કોલકાતા/ચેન્નાઈઃ ભારતીય રાજનીતિમાં આજે એક નવો ઈતિહાસ રચાયો છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં અને તમિલનાડુની તમામ બેઠકો પર થયેલા અસાધારણ મતાધિકારે જૂના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. પશ્ચિમ બંગાળમાં છૂટીછવાઈ હિંસા વચ્ચે 92.72% અને તમિલનાડુમાં અભૂતપૂર્વ 85.14% મતદાન નોંધાયું છે.

**બંગાળમાં 'વોટની સુનામી'**

પશ્ચિમ બંગાળના પ્રથમ તબક્કામાં કુલ 92.72% મતદાન નોંધાયું છે. સૌથી આશ્ચર્યજનક અને ગૌરવપૂર્ણ બાબત એ છે કે અહીં મહિલાઓએ પુરૂષો કરતા વધુ ઉત્સાહ બતાવ્યો છે. બંગાળમાં 92.69% મહિલાઓએ મતદાન કરી લોકશાહીના પર્વને ગૌરવ અપાવ્યું છે. પીએમ મોદી અને મમતા બેનર્જી વચ્ચેના આ જંગમાં જનતાએ જે રીતે ઘરની



બહાર નીકળીને મતદાન કર્યું છે, તે પરિવર્તન અથવા મજબૂત પુનરાવર્તનના સંકેત આપે છે.

**તમિલનાડુમાં પણ નવો ઈતિહાસ**

દક્ષિણ ભારતના મહત્વના રાજ્ય તમિલનાડુમાં પણ વોટિંગનો આંકડો 85.14% સુધી પહોંચ્યો છે, જે રાજ્યના ઈતિહાસમાં અત્યાર સુધીનું સર્વોચ્ચ મતદાન છે. અહીં પણ મહિલાઓનો મતદાન દર 85.76% રહ્યો છે, જે દર્શાવે છે કે રાજકીય નિર્ણયોમાં હવે મહિલા શક્તિ નિર્ણાયક ભૂમિકા ભજવી રહી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ

...અનુસંધાન પાના 6 પર

| વિગત | પશ્ચિમ બંગાળ (Phase-1) | તમિલનાડુ (પૂર્ણ) |
|---|---|---|
| કુલ મતદાન % | 92.72% | 85.14% |
| કુલ બેઠકો | 152 (કુલ 294 માંથી) | 234 (તમામ) |
| 2021નું મતદાન | 79% - 86% (તબક્કાવાર) | 73.63% |
| પરિણામની તારીખ | 4 મે, 2026 | 4 મે, 2026 |

## બંગાળમાં હિંસાના છૂટાછવાયા બનાવો છતાં લોકોમાં ઉત્સાહ






**ટીએમસી** અને ભાજપના વિજયના સામસામા દાવા

**કોલકાતા, તા. 23:** પશ્ચિમ બંગાળમાં, તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચેના ઘર્ષણના અહેવાલો વચ્ચે વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન સાંજે 6 વાગ્યે પૂર્ણ થયું હતું. મુર્શિદાબાદમાં હુમાયુ કબીરની AJUP અને TMC કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હોવાના અને દક્ષિણ દિનાજપુરમાં ભાજપના એક ઉમેદવાર પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા હતા. આવા છૂટાછવાયા બનાવો છતાં મતદાન એકંદરે શાંતિપૂર્ણ રહ્યું હતું.

બંગાળમાં ભારે વિવાદાસ્પદ એસઆઇઆરની કામગીરી પછી આ ચૂંટણી યોજાઇ રહી છે જે કાર્યવાહીમાં લાખો મતદારોના નામ કપાઇ ગયા છે.

મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યું હતું કે આ ઉંચુ મતદાન લોકોના એવા ભયનું પરિણામ છે કે તેઓ મતદાન નહીં કરે તો મતાધિકાર ગુમાવશે. જો કે તેમણે કહ્યું હતું કે મતદાનની પેટર્ન સૂચવે છે કે ટીએમસીને વિજય મળશે.

જ્યારે વડાપ્રધાન મોદીએ નાદીયામાં બીજા તબક્કાની ચૂંટણી માટેની એક સભાને સંબોધન કરતા કહ્યું હતું કે આ ઉંચુ મતદાન પરિવર્તન માટે છે. દિવસની શરૂઆતમાં, દક્ષિણ દિનાજપુરના કુમારગંજમાં ભાજપના ઉમેદવાર સુવેન્દુ સરકાર સાથે કથિત રીતે ગેરવર્તણૂક કરવામાં આવી હતી, જ્યારે આસનસોલ દક્ષિણના રહમત નગર પાસે ભાજપના ધારાસભ્ય અગ્નિમિત્ર પોલની કાર પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં પથ્થરમારો થતાં કારનો પાછળનો કાચ તૂટી ગયો હતો. ભાજપ દ્વારા આ ઘટનાઓને લક્ષિત હિંસાના પુરાવા તરીકે ટાંકવામાં આવી છે.

નૌદામાં, AJUP નેતા હુમાયુ કબીરના કાફલા પર કથિત રીતે પથ્થરમારો કરવામાં આવ્યો હતો, જેના પરિણામે હરીફ સમર્થકો વચ્ચે અથડામણ થઈ હતી અને કેન્દ્રીય દળો દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. હિંસા અને ડરાવવાની વધુ ઘટનાઓ લાભપુર, ચંચલ અને મુરારાઈ થી પણ નોંધાઈ હતી, જ્યાં પક્ષોના કાર્યકરો વચ્ચેની અથડામણમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

### બંગાળમાં પહેલીવાર 90%થી વધુ મતદાન

| વર્ષ | મતદાનની ટકાવારી (%) | કોની સરકાર બની |
|---|---|---|
| 2026 | 92.56% (ફેઝ-1)* | 4 મે ના રોજ રિઝલ્ટ |
| 2021 | 81.56% | TMC |
| 2016 | 82.66% | TMC |
| 2011 | 86.06% | TMC |
| 2006 | 81.97% | CPI |
| 2001 | 75.29% | CPI |
| 1996 | 82.94% | CPI |
| 1991 | 76.80% | CPI |
| 1987 | 75.66% | CPI |
| 1982 | 76.96% | CPI |
| 1977 | 56.15% | CPI |
| 1972 | 60.82% | કોંગ્રેસ |
| 1971 | 62.03% | કોંગ્રેસ |
| 1969 | 66.51% | બાંગ્લા કોંગ્રેસ |
| 1967 | 66.10% | બાંગ્લા કોંગ્રેસ |
| 1962 | 55.55% | કોંગ્રેસ |
| 1957 | 47.64% | કોંગ્રેસ |
| 1951 | 42.23% | કોંગ્રેસ |

### તમિલનાડુમાં પહેલીવાર 80%થી વધુ મતદાન

| વર્ષ | મતદાનની ટકાવારી (%) | કોની સરકાર બની |
|---|---|---|
| 2026 | 85.13%* | 4 મે ના રોજ રિઝલ્ટ |
| 2021 | 72.73% | DMK |
| 2016 | 74.24% | AIADMK |
| 2011 | 78.01% | AIADMK |
| 2006 | 70.82% | DMK |
| 2001 | 59.07% | AIADMK |
| 1996 | 66.95% | DMK |
| 1991 | 63.84% | AIADMK |
| 1989 | 69.69% | DMK |
| 1984 | 73.47% | AIADMK |
| 1980 | 65.42% | AIADMK |
| 1977 | 61.58% | DMK |
| 1971 | 72.10% | DMK |
| 1967 | 76.57% | DMK |
| 1967 | 66.10% | બાંગ્લા કોંગ્રેસ |
| 1962 | 55.55% | કોંગ્રેસ |
| 1957 | 47.64% | કોંગ્રેસ |
| 1951 | 42.23% | કોંગ્રેસ |

## હોર્મુઝ અવરોધતી ઈરાનની બોટોને જોતાવેંત ખતમ કરવા ટ્રમ્પનો આદેશ

### આ જળમાર્ગમાંથી સુરંગો ખસેડવાની કામગીરી વધુ ઝડપથી કરવા પણ અમેરિકી દળોને આદેશ આપ્યો

**દુબઈ, તા. 23 (AP):** પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે જણાવ્યું હતું કે તેમણે યુએસ સૈન્યને હોર્મુઝની સામુદ્રધુનીમાં પરિવહન રોકવા માટે સુરંગો બિછાવતી ઈરાનની નાની બોટોને જોતાવેંત ગોળીબાર કરી ખતમ કરવા આદેશ આપ્યો છે.

સોશિયલ મીડિયા પર ટ્રમ્પની આ પોસ્ટ અમેરિકી સૈન્ય દ્વારા ઈરાની તેલની દાણચોરી સાથે સંકળાયેલા વધુ એક ટેન્કરને જપ્ત કર્યાના થોડા સમય બાદ આવી છે. આ ઘટનાએ તેહરાન સાથેના ગજગ્રાહને વધુ તેજ બનાવ્યો છે. ઉલ્લેખનીય છે કે વિશ્વના કુલ ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસના વેપારનો ૨૦ ટકા હિસ્સો આ સામુદ્રધુનીમાંથી પસાર થાય છે. ટ્રમ્પે પોસ્ટ કર્યું, મેં અમેરિકી નેવીને એવી કોઈપણ બોટ, ભલે તે નાની બોટ હોય... જે હોર્મુઝની સામુદ્રધુનીના પાણીમાં સુરંગો નાખી રહી હોય તેને ખતમ કરી નાખવાનો આદેશ આપ્યો છે. આમાં જરાય અચકાવાનું નથી. વધુમાં, અમારા 'માઈન સ્વીપર્સ' અત્યારે સામુદ્રધુની સાફ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું, હું આ પ્રવૃત્તિ ચાલુ રાખવાનો આદેશ આપું છું, પરંતુ હવે ત્રણ ગણી તીવ્રતા સાથે! તેમણે એમ પણ કહ્યું કે સૈન્ય આ મહત્વપૂર્ણ જળમાર્ગમાં સુરંગો હટાવવાની કામગીરી તેજ કરી રહ્યું છે.

આ પગલું ઈરાનના અર્ધલશ્કરી દળ 'રિવોલ્યુશનરી ગાર્ડ્સ' દ્વારા સામુદ્રધુનીમાં ત્રણ માલવાહક જહાજો પર હુમલો કરી તેમાંથી બેને કબજે કર્યાના એક દિવસ બાદ લેવામાં આવ્યું છે. સંરક્ષણ વિભાગે અગાઉ ગુરુવારે હિંદ મહાસાગરમાં જપ્ત કરાયેલા ગિનીના ધ્વજ ધરાવતા ઓઈલ ટેન્કર 'મેજેસ્ટિક એક્સ'ના ડેક પર અમેરિકી દળોના વીડિયો

...અનુસંધાન પાના 6 પર

### ટ્રમ્પનો ઈરાનમાં નેતૃત્વના વિખવાદનો દાવો

ટ્રમ્પે આ અઠવાડીયે ઈરાનના કથળેલા નેતૃત્વને યુદ્ધના અંત અંગે સંયુક્ત પ્રસ્તાવ સાથે આવવા માટે વધુ સમય આપવા યુદ્ધવિરામ લંબાવ્યો છે, જ્યારે ઈરાની બંદરોની અમેરિકન નાકાબંધી ચાલુ રાખી છે. પાકિસ્તાન દ્વારા આયોજિત શાંતિ વાટાઘાટો ટૂંક સમયમાં ફરી શરૂ થશે કે કેમ તેના કોઈ તાત્કાલિક સંકેત મળ્યા નથી. ટ્રમ્પે ગુરુવારે એક

...અનુસંધાન પાના 6 પર

### મંત્રણાનો બીજો રાઉન્ડ યોજવા પાકિસ્તાનની તૈયારીઓ

**ઇસ્લામાબાદ, તા. 23:** અમેરિકા અને ઇરાન વચ્ચે એકવાર મોકૂફ રહી ચુકેલો મંત્રણાનો બીજો રાઉન્ડ યોજાય તે માટે પાકિસ્તાન તૈયારી કરી રહ્યું છે. ઈસ્લામાબાદમાં આંતરિક બાબતોના મંત્રી મોહસિન નકવીએ અમેરિકાના ચાર્જ ડી'અફેર્સ નેટલી બેકર સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી, જેમાં તેમણે પ્રાદેશિક સ્થિતિ પર વિગતવાર મંતવ્યોની આપ-લે કરી હતી અને પ્રસ્તાવિત બીજા તબક્કાની શાંતિ વાર્તા સંબંધિત રાજદ્વારી પ્રયાસો પર ચર્ચા કરી હતી, તેમ ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. ગુરુવારની આ બેઠક, જે આ અઠવાડિયામાં બંને વચ્ચેની બીજી બેઠક હતી, તે અમેરિકા-ઈરાન મંત્રણા

...અનુસંધાન પાના 6 પર

## દિલ્હી ડાયરી



### બીજેડીમાં આંતરિક હલચલઃ સસ્મિત પાત્રાનું રાજીનામું

રાજ્યસભામાં બીજુ જનતા દળ (બીજેડી) ના સંસદીય પક્ષના નેતા તરીકે સસ્મિત પાત્રાના અચાનક રાજીનામાએ સૌને ચોંકાવી દીધા છે. કેટલાક લોકો આ પગલાને બીજેપી સાંસદ નિશિકાંત દુબે દ્વારા બીજુ પટનાયકને 'સીઆઈએ એજન્ટ' તરીકે ચિતરવાના પ્રયાસ સામે પક્ષનો બચાવ કરવામાં પાત્રાની નિષ્ફળતા તરીકે જોઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે બીજુ પટનાયક બીજેડીના સ્થાપક હોવા ઉપરાંત સ્વાતંત્ર્ય સેનાની, કુશળ પાઇલટ અને દિગ્ગજ રાજકીય નેતા હતા. બીજી તરફ, અન્ય લોકોનું માનવું છે કે પાત્રાને હટાવવાનો નિર્ણય એવા નેતા માટે રસ્તો સાફ કરવા માટે લેવાયો છે,

...અનુસંધાન પાના 6 પર

તા. ૨૩-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૯.૮° સે. | ૨૫.૪° સે. | ૨૩% |

## પેટ્રોલ-ડીઝલમાં 25-28ના ભાવ વધારાની વાત માત્ર અફવા

**પેટ્રોલ,** ડીઝલના ભાવ વધારવાની હજી કોઇ યોજના નથીઃ ઓઇલ મંત્રાલય

**સરકારી** ઓઇલ કંપનીઓને પેટ્રોલ પર લિટરે રૂ. ૨૦ અને ડીઝલ પર રૂ. ૧૦૦ ખોટ

**નવી દિલ્હી, તા. 23 (PTI):** સરકારે ગુરુવારે તે અહેવાલોને ફગાવી દીધા હતા જેમાં સૂચવવામાં આવ્યું હતું કે વિધાનસભાની ચૂંટણીઓ પછી તરત જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂ. 25-28નો વધારો થઈ શકે છે, અને જણાવ્યું હતું કે આવો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. સરકારે એમ પણ જણાવ્યું હતું કે હાલમાં સરકારી માલિકીની ઓઈલ કંપનીઓને પેટ્રોલ પર પ્રતિ લીટર રૂ. ૨૦ અને ડીઝલ પર લીટરે રૂ. ૧૦૦ની ખોટ જઈ રહી છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો સૂચવતા કેટલાક સમાચાર અહેવાલો છે. આથી સ્પષ્ટ કરવામાં

...અનુસંધાન પાના 6 પર

## ટ્રમ્પે ભારતને નરકની ખાડી જેવો દેશ ગણાવ્યો

**ટ્રમ્પે** કરેલી એક રિપોસ્ટમાં ભારતની સાથે ચીનને પણ નર્ક સમાન ગણાવાયું છે

**ડેમેજ** કન્ટ્રોલની કવાયતમાં અમેરિકી દૂતાવાસે કહ્યું કે ટ્રમ્પ ભારતને મહાન માને છે

**લેપટોપવાળા** ગેંગસ્ટર': ભારતીય-ચીની નાગરિકો વિરુદ્ધ ઝેર ઓકનારા પોડકાસ્ટને ટ્રમ્પનું સમર્થન

**વોશિંગ્ટન, તા. 23 :** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન રાજકીય વિશ્લેષક અને રેડિયો હોસ્ટ માઈકલ સેવેજના પોડકાસ્ટને ફરીથી પોસ્ટ કર્યો છે, જેમાં તેમણે ભારત, ચીન અને અન્ય રાષ્ટ્રોને નર્ક સમાન ગણાવ્યા હતા. અમેરિકાના જન્મજાત નાગરિકતા કાયદામાં ફેરફાર કરવાની માંગ કરતા પોતાના વંશીય પ્રહારમાં સેવેજે આક્ષેપ કર્યો હતો કે આ બે એશિયાઈ દેશોના લોકો નવમા મહિનામાં બાળકને જન્મ આપવા માટે અમેરિકા આવે છે અને આ કાયદો તેમને તાત્કાલિક અમેરિકી નાગરિક બનાવી દે છે.

રિપબ્લિકન પ્રમુખે સેવેજના પોડકાસ્ટ 'સેવેજ નેશન'ની ટ્રાન્સક્રિપ્ટ અને વીડિયો પણ શેર કર્યો હતો, જેમાં તેમણે જન્મજાત નાગરિકતા પર અમેરિકી સુપ્રીમ કોર્ટની દલીલોની આકરી ટીકા કરી હતી. રેડિયો હોસ્ટે અમેરિકામાં બિન-નાગરિકોને ત્યાં જન્મેલા બાળકોને મળતી આપમેળે નાગરિકતાના વિચાર પર પ્રહાર કર્યો અને આ મામલો અદાલતો પર છોડવાને બદલે રાષ્ટ્રીય લોકમત

...અનુસંધાન પાના 6 પર

### ટ્રમ્પની પોસ્ટ અજ્ઞાનતાભરી, નિમ્ન સ્તરની: વિદેશ મંત્રાલય

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા એક અમેરિકન વિવેચકની ભારતને નરક ગણાવતી ટિપ્પણીને સમર્થન આપીને ફરીથી પોસ્ટ કરવામાં આવી તે બાબતે ભારતીય વિદેશ મંત્રાલયે તેની આકરી ટીકા કરી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, અમે

...અનુસંધાન પાના 6 પર

### તમિલનાડુમાં ત્રિપાંખિયા જંગમાં લોકોમાં ભારે ઉત્સાહઃ શાંતિપૂર્ણ મતદાન

**ચેન્નાઈ, તા. 23 :** તમિલનાડુમાં ત્રિપાંખિયો જંગ જામ્યો હતો જેમા મુખ્ય સ્પર્ધા શાસક ડીએમકે- કોંગ્રેસ ગઠબંધન, અન્નાદ્રમુક-ભાજપ ગઠબંધન અને વિજયના પક્ષ ટીવીકે વચ્ચે હતી, ત્યાં પણ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પહેલા AIADMKના વિજયી જુવાળવાળી ૨૦૧૧ની ચૂંટણીમાં રાજ્યમાં અત્યાર સુધીનું સૌથી વધુ ૭૮.૨૯ ટકા મતદાન નોંધાયું હતું. યોગાનુયોગે, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દ્વારા, ઓક્ટોબર ૨૦૨૫ માં નોંધાયેલા ૬.૪૧ કરોડ મતદારોની સંખ્યા ઘટીને હાલમાં

...અનુસંધાન પાના 6 પર